પુલો તથા મકાનોના બાંધકામ કામનાં
કામોમાં પાઇલ ફાઉન્ડેશન માટે પાઈલ
ઇન્ટીગ્રીટી (Intigrity) ટેસ્ટ કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ એએસઆર/૧૦૨૦૧૮/૧૦૮/સી.
તા.૦૬/૦૪/૨૦૧૮

આમુખઃ-

પુલો અને મકાનોના બાંધકામના કામોમાં પાયાની માટીનો પ્રકાર (Type of foundation soil) તથા ફાઉન્ડેશન ઉપર પડતા ભાર (Structural load) ને ધ્યાને લઈ બોર્ડ કાસ્ટ ઇન સીટુ (Bored cast insitu) પાઇલ ફાઉન્ડેશન કરવાની જરૂરીયાત રહે છે. બોર્ડ પાઇલ ફાઉન્ડેશનમાં કોંક્રિટની કામગીરી પુર્ણ થયા બાદ કરવામાં આવેલ પાઈલની લંબાઈ, પાઈલમાં પડેલ તીરાડ, પાઈલના ક્રોસ સેકશનની વિગતો, કોંક્રિટના સ્તરમાં બાજુમાંથી પડેલ માટી (Soil incursions) વિગેરેની વિગતો જાણી શકાતી ન હતી. પરંતુ હવે અલ્ટ્રાસોનીક ટેસ્ટીંગ પધ્ધતિથી પાઈલ ફાઉન્ડેશનની ગુણવત્તા, પાઈલની લંબાઈ વિગેરે જાણી શકાય તેમ છે. તે ધ્યાને લેતાં પુખ્ત વિચારણાને અંતે પરિપત્ર બહાર પાડવામાં આવે છે.

પરિપત્રઃ-

માર્ગ અને મકાન વિભાગમાં જે કામોની મંજુરી મળેલ હોય અને અંદાજ બનાવવાના બાકી હોય તેવા પાઈલ ફાઉન્ડેશનવાળા કામો માટે અંદાજમાં દરેક પાઈલ માટે પાઈલ ઇન્ટીગ્રીટી ટેસ્ટ (Pile Intergrity Test) ની જોગવાઈ રાખવાની રહેશે. તદઉપરાંત હાલમાં જે કામો પ્રગતિમાં હોય, ટેન્ડર માંગવામાં આવેલ હોય અને આ કામોમાં પાઈલ ફાઉન્ડેશન પ્રકારનાં ફાઉન્ડેશન કરવાના હોય તેવા તમામ કામોમાં પણ દરેક પાઈલ માટે પાઈલ ઇન્ટીગ્રીટી ટેસ્ટ (Pile Intergrity Test) કરાવી લેવાનો રહેશે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

(પાછળ)